# સંતબાલ પરિચય પુસ્તિકા



૧૪-૧૫

# વિશ્વવત્સલ મહાવીર

*

સંતબાલ

निवेदन

# સંતબાલ પરિચય પુસ્તિકા

સન ૧૯૩૭માં મુનિશ્રી સંતબાલજીએ રણાપુરમાં (નર્મદા તટે) સમૌન એકાંતવાસ સ્વીકાર્યો, તેના ફલસ્વરૂપે તેમને ભાલનળકાંઠા પ્રદેશનું ધર્મદૃષ્ટિએ સમાજરચનાનું કાર્યક્ષેત્ર મળ્યું. આ વાતને ૧૯૮૭માં પૂરાં ૫૦ વર્ષ થશે. મુનિશ્રીનો ધર્મદૃષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ ગુજરાત-સૌરાષ્ટ્રના સંગમસ્થાન એવા સાવ નપાણિયા મુલકમાં, અનેક મર્યાદાઓ વચ્ચે ચાલ્યો, વિશિષ્ટ રીતે ચાલ્યો, અને હજુ આજે પણ ચાલી રહ્યો છે. પરંતુ છેલ્લાં ૫૦ વરસથી તેમણે સમાજને જે કંઈ આપ્યા કર્યું, તેનો ઋણભાવે સ્વીકાર કરી તેમની પ્રવૃત્તિઓનો તેમ જ વિચારોનો ગુજરાતની આમપ્રજાને પરિચય થાય તે દૃષ્ટિએ આ 'પરિચય પુસ્તિકા'ની યોજના રજૂ કરી છે.

આ યોજનાનો અમલ મુનિશ્રીની જન્મ જયંતી શ્રાવણપૂર્ણિમા ૧૯મી ઑગસ્ટ ૧૯૮૬થી શરૂ થયો છે.

આ પુસ્તિકાઓનો બહોળો પ્રચાર કરી સંતનું ઋણ અદા કરવાનું ન ચૂકીએ.

શ્રાવણ પૂર્ણિમા

તા. ૧૯-૮-૧૯૮૬

રજનીકાન્ત સંઘવી, પ્રમુખ

મનુ પંડિત, મંત્રી

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

સંતબાલ પરિચય પુસ્તિકા–૧૪-૧૫

# વિશ્વવત્સલ મહાવીર

સંતબાલ

: સંપાદક :
દુલેરાય માટલિયા (સંતસાથી)

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ–૩૮૦ ૦૦૪

: પ્રકાશક :
મનુભાઈ જ. પંડિત મંત્રી, મહાવીર સાહિત્ય
પ્રકાશન મંદિર, હઠીભાઈની વાડી, અમદાવાદ ૩૮૦ ૦૦૪

પ્રથમ આવૃત્તિ : મે ૧૯૮૭

આ પુસ્તકના પ્રકાશનમાં
સ્વ. કેવળચંદ પોપટલાલ મહેતાના સ્મરણાર્થે
હા. દિનકરરાય કે. મહેતા, પૂનાનો
આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે
તે બદલ સંસ્થા તેમની
આભારી છે.

કિંમત રૂપિયા ત્રણ

: મુદ્રક :
કમલેશ બી. ભાવસાર
ભગવતી ટાઇપ સેટિંગ વર્કસ
ભવાનપુરા, શાહપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧

# પ્રેરક અને પ્રબોધકર ચરિતકાવ્ય

પરમપૂજ્ય ગુરુવર્ય શ્રી સંતબાલજી મહારાજની જૈન સંત તરીકેની પ્રતિભાથી જેમ એમના ભક્તો, અનુયાયીઓ અને ચાહકો સુપરિચિત છે તેમ એમની કવિ-પ્રતિભાથી સુપરિચિત છે... સંત મહાત્માઓ કાવ્યના માધ્યમનો ઉપયોગ કેવળ વાણી વિલાસ માટે નહીં, પણ પોતાના સાધક જીવનની અનુભૂતિઓને અભિવ્યક્ત કરવા માટે કરતા હોય છે. એમ કરવામાં કવિતા ન સધાય એવું નથી. સર્જકની પોતાની પ્રતિભા ઉપર એનો સવિશેષ આધાર રહે છે સંત કવિઓની વાણીમાં જીવનના મર્મની વાત આવ્યા વિના રહે નહીં...

'વિશ્વવત્સલ' શબ્દ પૂ. સંતબાલજીને અતિપ્રિય છે... જગતના તમામ જીવો પ્રત્યે જેમને મૈત્રીભાવ છે, વિશ્વના તમામ જીવો માટે જેમને વાત્સલ્યભાવ છે તેવા ભગવાન મહાવીર વિશે તેઓ કાવ્ય લખવા પ્રેરાય એ અત્યંત સ્વાભાવિક છે. અને એ માટે એમનો અધિકાર પણ છે. ભગવાન મહાવીરની સુરેખ અને રસિક જીવનરેખા 'વિશ્વવત્સલ મહાવીર' નામના આ મહાકાવ્યની કે દીર્ઘ ખંડકાવ્યની કક્ષાના ચરિત કાવ્યમાં સાંપડી રહે એમ છે...

કવિ સંતબાલના ચરિત કાવ્યમાં પાત્રો, પ્રસંગો, પરિસ્થિતિ, પ્રકૃતિ ઇત્યાદિના નિરૂપણમાં વિવિધ છટાઓ નિહાળવા મળે છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ભગવાન મહાવીરે જે ઉપદેશ આપ્યો છે તેનું નિરૂપણ (શ્લોક ૭૧૯–૯૩૦) કરવામાં આવ્યું છે. આમાં પૂ. સંતબાલજીએ સમગ્ર જૈનધર્મ દર્શનનો સંક્ષેપમાં સાર આપી દીધો છે. આ ચરિત કાવ્યનો આ શ્રેષ્ઠતમ ભાગ છે એમ કહી શકાય.

પૂ. સંતબાલજીની આ પ્રેરક અને પ્રબોધકર કૃતિ એમના સમગ્ર સાહિત્યમાં અનોખું સ્થાન પામે એવી છે.
(પ્રસ્તાવનામાંથી ટૂંકાવીને)

**ડૉ. રમણલાલ ચિ. શાહ**

## આ પુસ્તિકા એ દીપિકા છે

૧૯૪૩માં રચાયેલ આ મહાકાવ્ય પૂ. મુનિશ્રીના કાળધર્મ પામ્યા પછી છેક ૧૯૮૩માં—**'વિશ્વવત્સલ મહાવીર'** રૂપે પ્રગટ થયું. તે હાલ અપ્રાપ્ય છે. તે ગ્રંથ પુનર્મુદ્રણ ન થાય ત્યાં સુધી સુજ્ઞ વાચકોને આ નાની દીપિકાથી જ સંતોષ મેળવવો રહ્યો.!

**—મનુ પંડિત**

શ્રી સંતબાલજી માત્ર ઉચ્ચકોટિના વિદ્વાન છે, અને એ સાથે કવિ પૂણ છે એ આ આખ્યાનગ્રંથમાં આપણને જોવા મળે છે. પૌરાણિક પદ્ધતિએ મહાભારત–રામાયણની પદ્ધતિએ રચાયેલું આ શાંતરસ પ્રધાન કાવ્ય છે. એનો રસળતો અને પ્રવાહમાં ધસ્યે જતો 'અનુષ્ટુપ' છંદ આપણને એની પ્રતીતિ કરાવે છે. પાંચ કલ્યાણકોમાં વિભક્ત થતા ૧૦૦૧ શ્લોકોનો આ ગ્રંથ જૈન સિદ્ધાંતોનો પણ સરળ પરિચય યત્રતત્ર આપી જાય છે. આમ છતાં સિદ્ધાંતોનું નિરૂપણ ક્યાંય પણ ભારરૂપ થતું અનુભવાતું નથી એ શ્રી સંતબાલજીની વિશેષતા છે...

('આમુખ'માંથી)

કે. કા. શાસ્ત્રી

(વિદ્યાવાચસ્પતિ)

# અ નુ ક્ર મ


૧ દેવો ઝંખે નર જન્મને... ... ... ... ...૭
૨ ગર્ભવાસ... ... ... ... ... ... ...૮
૩ મહાવીર જન્મ... ... ... ... ... ...૧૧
૪ માતાનું સંસ્કાર પાન... ... ... ... ...૧૧
૫ શૈશવનું શિક્ષણ... ... ... ... ... ...૧૨
૬ 'મહાવીર' બિરુદ... ... ... ... ... ...૧૩
૭ વિવાહ માટે સમજાવટ... ... ... ... ...૧૩
૮ વિવાહ... ... ... ... ... ... ...૧૫
૯ પુત્રીને શિખામણ .. .... .... ... ....૧૬
૧૦ દામ્પત્ય જીવન... ... ... ... ... ...૧૭
૧૧ રાજ્ય અને રાષ્ટ્ર ઘડતરનાં કાર્યો... ... ...૧૮
૧૨ પતિ પત્ની સંવાદ ને સંતાન પ્રાપ્તિ... ...૧૯
૧૩ વ્રતમય દામ્પત્ય... ... ... ... ... ...૨૦
૧૪ દીક્ષાની ભાવના... ... ... ... ... ...૨૧
૧૫ દીક્ષા... ... ... ... ... ... ...૨૪
૧૬ પ્રેમપંથે પ્રયાણ... ... ... ... ... ...૨૪
૧૭ નિગ્રંથની જીવનચર્યા... ... ... ... ...૨૬
૧૮ અનાર્ય પ્રદેશનું સંસ્કરણ... ... ... ...૨૭
૧૯ કેવળ જ્ઞાન પ્રાપ્તિ... ... ... ... ...૩૦
૨૦ સદુપદેશ... ... ... ... ... ... ...૩૨
૨૧ ગણધરો અને તીર્થ રચના... ... ... ...૪૧
૨૨ નિર્વાણ... ... ... ... ... ... ...૪૨

# વિશ્વવત્સલ મહાવીર

## દેવો ઝંખે નરજન્મને

(અનુષ્ટુપ)

મહાવીર તણો જીવ પુષ્પોત્તર વિમાનથી
ચ્યવીને દેવયોનીથી આવ્યો આ મૃત્યુલોકમાં.

દેવાંગના સમું દીપે રૂપ–લાવણ્ય–પારદ;
સદા ઉદ્દ્યોતવંતા એ વિમાને વસવું થતું.

અનંગરાજની સેના રમે કાતિલ બાણથી;
જન્મેલો કામ તોયે ત્યાં નારીસંગ વિના શમે.

ક્યાં કાયા નમણી સદાય નરવી, ક્યાં રોગનું સ્થાન એ,
તોયે ચુંબક શું હશે નરતને ? ખેંચ્યા મહાવીરને

સત્પુરુષાર્થ ત્યાં નો'તો, નો'તો નિર્દોષ પ્રેમ ત્યાં,
ને બાંધો દેહનો નો'તો, કર્મક્ષેત્ર સહી શકે.

હતા ભોગો, હતી લબ્ધિ, હતી સ્વાધીનતા નહીં,
હતાં ત્યાં પૂતળાં પ્રાણી કૂદતાં કર્મ–ચાંપથી.

સોનાની હોય જંજીર, જેલમાં કોણ તે છતાં
થાવાને ઇચ્છતો કેદી, એવું એણે અનુભવ્યું.

ને તેથી સ્વર્ગની બેડી તોડી આવ્યા મનુષ્ય સૌ;
જરૂર જ્યાં હતી ત્યાં તે આવીને ઉપજ્યા પ્રભુ.

## ગર્ભવાસ

દ્વિજ માહણકુંડે તો હતો ઋષભદત્ત કો;
નારી શીલવતી એની દેવનંદા હતી દ્વિજા.
મહાવીર તણી માતા, ભવિષ્યે મોક્ષગામિની,
લોકમાં માત્ર પંકાઈ, ન પુત્ર–સુખ એ જુએ.
ત્યાં તો સિદ્ધાર્થ રાજાની ત્રિશલા રાણીની કૂખે
દૈવયોગે ગયો ગર્ભ, એવું શાસ્ત્રો વદે સુખે.
તત્ત્વજ્ઞાની ગ્રહે મર્મ શાસ્ત્રોનાં ગૂઢ વાક્યનો;
દ્વિજ–ક્ષત્રિયનો યોગ, એ યોગ જ્ઞાન–વીર્યનો.
નૃનારી મિથુને જેમ થાય સંસાર-સંતતિ,
જ્ઞાન ને વીર્યના તેમ મિથુને મોક્ષની ગતિ.

## ત્રિશલા સ્વપ્ન

હિમગંજ સમો ઊભો નભને ચુંબવા મથે
જે પ્રાસાદિક પ્રાસાદ સિદ્ધાર્થ નરપાલનો.
તેની રમ્ય અટારીમાં પલંગે પુષ્પ પુંજશાં
પોઢેલાં પટ્ટ રાણીજી સૌમ્ય સ્વપ્ન નિહાળતાં.
તેજસ્વી તારલો દીઠો પેસતો નિજ અંગમાં
ક્રમેક્રમે ધરે રૂપો નવલાં કો અલૌકિક.
કેશરી સિંહ ને હાથી, વૃષભ શ્રેષ્ઠ સુંદર,
લક્ષ્મી ને પુષ્પની માળા, ચંદ્ર, સૂર્ય મનોહર,
ધ્વજા, કળશ, પદ્મોનું તળાવ, ક્ષીરસાગર,
વિમાન, રત્નનો રાશિ, શુદ્ધ અગ્નિ શિખાભર.

દૈવી વિભવનો દ્રષ્ટા, અથવા મંદ વિકૃતિ,
સ્વપ્નેય વેદ તો એનું પ્રતિબિંબ પડે મુખે.
"દૃશ્ય નો'તું, હતું સ્વપ્ન", જાણ્યું તોયે ન ખિન્ન છે;
"અત્યર્ધ યામિની વીતી", નક્ષત્રો બોલતાં હતાં.
એ વેળા ત્રિશલા ઊઠી ધીમે જ્યાં ખંડમાં ગયાં,
એકાકી રાજવી સૂતા રસ વીર સમોવડા.
"એ તો હું ત્રિશલા" એમ વદ્યાં પતિ પ્રતિ સતી;
"ક્ષમજો દેવ ! દાસીને, નિદ્રાભંગ થયો હુંથી."
"ગર્ભિણી રાજમાતા ! ઓ, આ કાળે મમ 'મા' સમાં;
શાથી આવ્યાં અહીં રાત્રે ?" બોલ્યા દીપ ઝગાવતા.
પૂજ્ય પાત્ર થકી છાનું ન કશું પૂજનારને;
સાંભળો કૌતુક, સ્વામિન ! કહી સ્વપ્ન સુણાવિયું.
છે નિમંત્ર્યા નૃપે શાણા ચુનંદા સ્વપ્નશાસ્ત્રીઓ;
રાજદ્વાર લગી સામે સત્કારે રાજવી થઈ.
શક્તિમાં સિંહ, કાંતિમાં સૂર્યચંદ્ર સમોવડો
ચક્રવર્તી થશે પુત્ર, અથવા લોકનાયક;
ઉભયે ચિંતવી એમ, ઇચ્છે છે લોકનાથને :
ચક્રવર્તીપણું તુચ્છ લોકનાથપણા કને.
સ્વપ્નપાઠી સિધાવ્યા ને જે આવ્યાં પાત્ર સર્વને
છૂટે હાથે દીએ દાન શરમાવે કુબેરને.
"અહો દાન ! અહો દાન !" નાદ ગુંજી રહ્યો નભે;
વ્યાપ્યો સંસ્કારનો આત્મા એક ગર્ભસ્થ જીવને.

સુભાગી ગર્ભ–સંચારે દોહદો દિવ્ય ઊપજે;
દયા, પ્રેમ, ક્ષમા, સત્ય, સદ્ગુણો સદા સંપજે.

નિત્ય ખોરાક પૂરે છે માતાની રક્તવાહિની,
ઔદારિક શરીરાંગ રોજે રોજ વધ્યે જતું.

એવા અવ્યક્ત ભાવો કૈં આવ્યા ગર્ભસ્થ જીવને
અથવા પૂર્વના યોગ-સ્ફુરણે સ્થિરતા થઈ.

ઊંડી સમાધિથી શાંતિ ને સુખે માતૃભક્તિનું;
થયાં ગર્ભસ્થ જ્ઞાનીનાં માતાને ખેદ-કારણો.

"ગળ્યો શું ગર્ભ એ મારો? ગળ્યો પ્રાણ નહીં હજુ;
અતિ વ્યથા ઉરે થાતાં ભોંયે મૂર્છિત થૈ પડ્યાં.

ગર્ભે રહેલ જ્ઞાનીએ જાણી આ ઊલટી દશા
કિંવા સમાધિ છૂટી ને થયું ચલન ગર્ભનું.

"સુખ અર્થે કરેલું એ દુઃખહેતુ બની જતું;
સ્થૂળ દૃષ્ટિ જુદી સૌની, તેથી આવી વિચિત્રતા.

આત્મદૃષ્ટિ કરી મુખ્ય, ગૌણ ભાવે બીજું બધું
અવલોકી વિવેકીએ સ્વ–પર શ્રેય સાધવું.

પે'લું સત્ય, પછી પ્રેમ, ન્યાય, એ ત્રિપુટી; બને
સમન્વય ત્રણેનો જ્યાં, ત્યાં પૂરો પુરુષાર્થ છે."

એ રહસ્ય લીધું ગર્ભે રહેલા વીરના જીવે;
વીરમાંથી મહાવીર થવા જ્ઞાને થતું મહત્.

## મહાવીર જન્મ

રામજન્મતિથિ વીતી, ચાંદની વધતી હતી,
શુક્લ પક્ષે મધુ–માસે હતી, આજે ત્રયોદશી.
થયા પ્રહર બે પૂરા, ગર્ભ માસ સવા નવે
પ્રસવે ત્રિશલા માતા પુરુષોત્તમ પુત્રને.
પ્રસૂતિકાળની પીડા પ્રસૂતાને ન પીડતી;
સૂતિકાકર્મને સાધ્યું દિક્કુમારી શી દાપણે
ઇંદ્રો કરે અભિષેક, મેરુ ગિરિ–મહા વને
આત્મા મહાન છે જેનો, જ્યાં જ્યાં તે પગલાં ભરે,
સે'જે શુદ્ધિ સમૃદ્ધિ ત્યાં પથરાઈ જતી ખરે.
પ્રસરે સર્વ દિશામાં આંદોલન શુભાશુભ;
શુદ્ધાત્માને એ નિયમે વિભૂતિઓ વશે રહે.
પુત્રોત્સવ પત્યે રૂડો સગાંને નોતર્યાં નૃપે;
'વર્ધમાન' દીધું નામ પુણ્ય ને ગુણ પારખી.

## માતાનું સંસ્કાર પાન

ને માતા બાળહૈયામાં રેડે સંસ્કાર સુંદર :
"ઉદાર બનજે, બેટા ! દિલનો દરિયો થજે.
દર્દી, દુઃખી, દલિતોનાં તું ઊનાં આંસુ લૂછજે;
બીતો ના કોઇથી, બાપુ ! કોઈ ને ના બિહાવતો.
શૂરવીર થજે, વીરા ! રક્ષણે, નહિ ભક્ષણે;
સત્યના ભોમિયા સાથે પ્રેમપંથે તું ચાલજે."

## શૈશવનું શિક્ષણ

કોમલાંગે હવે ફૂટયું ખૂબસૂરત શૈશવ;
જન્મનું સાતમું વર્ષ વિદ્યાકાળ–મહોત્સવ.

જહીં ગુરુકુલે વિદ્યા બ્રહ્મચારી બહુ ભણે,
મોકલે તહીં માબાપ વર્ધમાન ધીમાનને.

આર્યસંસ્કૃતિનાં સૂત્રો : સ્વાવલંબન, સંયમ,
જનરક્ષણ, ગોસેવા, કૃષિવિજ્ઞાન ને કળા.

આપલે વસ્તુની એવું, વાણિજ્યે, રાષ્ટ્રસેવન,
સમાજશાસ્ત્ર ને ધર્મ-તત્ત્વજ્ઞાન-સમન્વય,

આરોગ્યજ્ઞાન આત્માનું, મનનું ને શરીરનું;
મળે તાલીમ ત્યાં નિત્ય શ્રેયસી મોક્ષસાધન.

"અમોને રક્ષજે સંગે, સંગે સ્નેહે જમાડજે,
વીર્ય મેળવીએ સંગે, સંગે ઉલ્લાસ આપજે.

હજો તેજસ્વિની વિદ્યા, સંગે સૌ રહીએ અમે;
કદી વિદ્વેષ ના હોજો, યાચીએ, પ્રભુ! તું કને."

જેને છે મૂળનું જ્ઞાન ભેદ વિજ્ઞાન આત્માનું,
વિશ્વવિદ્યા તણું તાળું ઊઘડે ઘટ તેહનું.

વર્ધમાન મહાપ્રશ્નો માત્ર આત્મકસોટીથી
કસી કસી ઉકેલે છે પૂર્વયોગ–સ્મૃતિ થકી.

સર્વે ચતુર વિદ્યાર્થી બને ચકિત ચિત્તમાં;
સંસ્કારી શિષ્યને પેખી ગુરુજી પીઠ થાબડે.

નિજ સંસ્કારમાં માના સંસ્કારે મળ્યું સિંચન;
ગુરુસ્નેહ વધી એમ પરિપક્વ થતું ફળ.

## 'મહાવીર' વિરુદ

એકદા અમ્લિકી–ક્રીડા ઉદ્યાને બાળકો કરે;
વિશાળ ને ઊંચે વૃક્ષે ચડે ને ઊતર્યા કરે.

તળે ફૂંફાડતો દીઠો કાળો નાગ મહાફણી;
લઈ જીવ બધા નાઠા નાખી ચીસ બિહામણી.

વર્ધમાન વદે : "આવો, ન કંપો, ન ડરો અહીં;
એ એના માર્ગમાં જાય, આપણે આપણા મહીં.

ઝેરી ક્રોધી જીવોમાંય હોય છે સ્નેહની સુધા;
સુધાના સ્વાદિયા સ્નેહે ચાખે તે પ્રેમમાં પૂરા.

પ્રેમમાં ભય કે શંકા સ્વાર્થ માત્રે નહીં રહે;
સમતા શાંતિ ને શ્રદ્ધા પ્રેમમાં જ ટકી રહે.

(માલિની)

રમતગમતમાં એ જીતતો, હારતો ના,
ખડતલ તનધારી દોડતાં થાકતો ના;
અવિરલ સમ શોભે શૌર્ય ને પ્રેમધામ,
સરલ ઉચિત પામે એ 'મહાવીર' નામ.

## વિવાહ માટે સમજાવટ

બાર વીત્યાં, વીત્યાં સોળે, ગઈ મંજુ કિશોરતા;
અંગોઅંગ મહીં જાગી જુવાનીની પ્રફુલ્લતા.

ઉગ્ર કાયા છતાં જેને, શી મણા તાસ શક્તિમાં ?
વર્ધમાન સજી સ્વાંગ ચાલે જ્યાં ગજની ગતિ.

ભાઈએ પ્રાણથી મોંઘો બે'ન સુદર્શના તણો;
માડીનો મીઠડો જાયો વર્ધમાન ગમે ઘણો.
એ સમે ત્રિશલા આવ્યાં, સૌ મિત્રો ને કુમાર એ,
વિનય ભક્તિથી પાયે પડી આશિષ મેળવે.
સુધા–વેણ સુણી માનું, હેત–વાત્સલ્ય ઊછળ્યું,
આંસુઓ લૂછતાં માતા ઉઘાડે ઉર–બારણાં.
મરુદેવી ભવો છૂટચાં માતા ઋષભદેવનાં
ને સુવાત્સલ્યથી દીઠો કેવળજ્ઞાન દીવડો.
રહનેમિ ઉગારેલા એ જ વાત્સલ્યઅંકુશે
ને રાજુલ સતી ભાવે મોક્ષપ્રાપ્તિ કરી ગયાં.
સ્ત્રીઓની માતૃતા પૂજે જ્ઞાનીઓ શાસ્ત્ર ને સ્મૃતિ;
બાપુ! સ્ત્રીઓ જ સંસારે છે રત્નકૂખધારિણી.
મરીને બાળ જિવાડે શિશુની કામધેનુકા,
ગર્ભથી માંડી પ્રાણાંતે ભાળ લેનાર સેવિકા.
ડોલે ધરા, ડગે મેરુ, દવ લાગે સમુદ્રમાં,
ચળે ધ્રુવ છતાં માનું ખૂટે વાત્સલ્ય ના કદી.
અમારી એક છે ઇચ્છા, તુંથી નથી અજાણ એ :
તો તેને કરવા પૂરી, તાત ! તૈયાર તું થજે.
વર્ધમાન પડચો પાછો મહામંથન–સાગરે :
સ્નેહ ને સત્ય એ બેમાં કયું પે'લું, કયું પછી.
તો સમન્વય એ બેનો મારે કેમ ન સાધવો ?
ક્રિયા પરણવું માત્ર, નથી પાત, ન ઉન્નતિ.

લગ્ને અલગ્ને બંનેમાં સમતા રાખું આત્મમાં,
સ્નેહ ને સત્યની પાંખો વિવેક સમ જાળવી.

ઊડવું આત્મ–આકાશે, લક્ષ્યે કૌશલ્ય કેળવી.
માની માને મળી મૂંગી સંમતિ વર્ધમાનની.

## વિવાહ

જીત્યું વાત્સલ્ય માતાનું, ન હાર્યો પુત્ર ધ્યેયથી;
ધન્ય છે સ્નેહ ને સત્ય સધાયાં વર્ધમાનથી.

વયે, રૂપે, ગુણે, શીલે કન્યા સમરવીરની
સદા સુયોગ્ય છે નામે 'યશોદા' યશવંત એ.

શુભ દૂહાડે સુમુહૂર્તે નિર્ધાર્યો લગ્નનો સમો;
એવી વધાઈ ફેલાતાં હર્ષ વ્યાપ્યો સમસ્તનો.

આપે ખબર મંત્રીઓ રાજા સમરવીરને;
સ્વપક્ષ સંગ એ રાજા આવ્યો ક્ષત્રિયકુંડમાં.

સમરવીર ને રાણી, સિદ્ધાર્થ ત્રિશલા તથા
ચારે વે'વાઈ વે'વાણો બન્યાં મગ્ન ઉમંગમાં.

વિશાલ મંચની વચ્ચે મહતી પીઠિકા હતી;
સુભવ્ય આસને બેઠાં યશોદા–વર્ધમાન ત્યાં;

માતાપિતા યશોદાનાં કન્યાદાન દીએ અને
અત્યંત દાયજા સંગે પે'રામણી જમાઈને.

गृहस्थाश्रमसमो धर्मो न भूतो न भविष्यति;
એક એ મંત્ર ને બીજો મંત્ર જે "सह नावुभौ."

એ બંને મંત્રના અર્થો, હસ્તમેળાપ–ટાંકણે
પુરોધા ગુરુજી ભાખે દંપતી–લક્ષી સર્વને.

"ગૃહસ્થાશ્રમનો અંત્ય આદર્શ બ્રહ્મચર્ય છે;
એને જ સાધવા સારુ મર્યાદા દંપતી તણી.
ભાગાકાર કરી દોષે, ગુણાકાર ગુણે કરી,
પરસ્પર રહી પ્રેમે હંસની રાખજો મતિ.
સુખ-દુઃખે રહી સાથી, સમાન અધિકારથી
સ્વ-સ્વ ક્ષેત્રે કરી કાર્યો વિશ્વવ્યાપક ભાવથી.
સુપાત્ર સર્વ સંમાનો, ઉપાસો સાધુના ગુણો,
ગૃહસ્થાશ્રમના યોગો ત્યાગપૂર્વક ભોગવો."
સખી સાહેલીઓ સૌએ આલિંગન લીધાં-દીધાં;
પછી સર્વે યશોદાને કાવ્યે વિદાય આપતાં :

### પુત્રીને શિખામણ

(વસંતતિલકા)

તું ધૈર્યમાં બની જજે દમયંતી જેવી,
સીતા સમી શિયળ-રક્ષણમાં સમર્થ.
આપત્તિ કે સુખ મહીં સમભાવ સાધી
કંકાસ ક્લેશ કદીએ ન કરીશ, બે'ની
જાતે મજૂરી કરી પૂર્ણ નીરોગ રે'જે,
વાત્સલ્ય રેડી સહુની બનજે જનેતા.
ચોખ્ખાઈ, ચીવટ, કળા, નિયમે વ્યવસ્થા,
દર્દી દુખી જનદયા, દિલ સાફ, આસ્થા,
આંબાની જેમ નિત નમ્ર મધુર રે'જે,
પાણીની જેમ શુચિ શાંત સદા વહેજે."

## દામ્પત્યજીવન

(અનુષ્ટુપ)

પાદ-અંગુલિથી જેણે ડગાવ્યો મેરુ જન્મતાં
આજે તે જ મહાશૂર પ્રણયે પીગળી જતા.

યશોદા યાદ આપે છે, યશોદા પ્રેરણા બની,
સૌંદર્ય દેખવા કાજે ભોગ એનો ન છાજતો.

વાસનાને જીતે તેનો ગૃહસ્થાશ્રમ ધર્મ્ય છે;
વાસનાથી પડે તેનો ગૃહસ્થાશ્રમ પાપ છે.

સ્નેહલગ્ન અને દેહ–લગ્નનો આ જ ભેદ છે;
વિકાસે વિઘ્ન ના નાખે તે લગ્ન સ્નેહલગ્ન છે.

યશોદા વિનયે બોલી : 'સ્વામી આપ હું સ્વામિની
કામનો ઘા ખમે પે'લો તે હારે નહીં દંપતી

કંથનું કાળજું કોરે કામમાં પાડી કામિની;
વચનો વ્યર્થ એ કીધાં, યશોદા પ્રેરણા બની.

લાગણીવશ તોયે સ્ત્રી પરાબુદ્ધિની ખાણ છે;
પુરુષો આપના જેવા કોઈ કદર બૂજશે.

સંતાનેચ્છા તણો તંતુ જીવાદોરી અમો તણી.
છેદશો ના કદી, નાથ ! આપ ત્યાગ–કુઠારથી.

કુકામ–ત્યાગમાં પૂર્ણ સ્ત્રીઓ સાથ દઈ શકે,
કિંતુ સંતાનની ઇચ્છા સે'જે નહિ તજી શકે.

## રાજ્ય અને રાષ્ટ્ર ઘડતરનાં કાર્યો

રાજ્યાદિ વ્યવસાયોમાં વર્ધમાન પ્રવીણ છે.
ગૃહાદિ વ્યવસાયોમાં યશોદા સુપ્રસિદ્ધ છે.

માંસાહાર અને મદ્ય, પરદારાદિ–સેવન,
જુગાર, સંગ વેશ્યાનો, ચોરી ને પાપનું ધન.
મોટાં વ્યસન એ સાત, કેફી ચીજો તણાં બીજાં,
પ્રજામાંથી કર્યાં દૂર પ્રેમશક્તિ થકી બધાં.
મદ વિકાર આલસ્ય હરામી રોજીથી વધે;
માટે હક્ક–કમાણીથી ઘટે સંતોષ રાખવો.

સત્તાધીશો તણાં દંભી ગુમાન કુલ–જાતિનાં,
ઉચ્ચ ને નીચના ખોટા ફેરવ્યા ખ્યાલ સર્વના.

સત્તા લક્ષ્મી ચમત્કાર દરજ્જે હલકાં ગણી
વહેમ લાંચ ને કાઢયાં ક્ષુદ્રતાદિક દૂષણો.

પ્રતિષ્ઠાપાત્ર સ્ત્રીજાતિ પૂજાવી પૂજ્ય ભાવથી;
દાસતા દાસ–દાસીની તજાવી ભ્રાતૃભાવથી;

શૂદ્રોની અતિશૂદ્રોની સેવાની કદરો કરી;
પિતાથી લોકપાલોથી મંત્રથી મંત્રણા કરી.
ગુનાખોરો કને ધર્મ શીખવે બ્રાહ્મણો જઈ,
સજા ને દ્રવ્યનો દંડ ઘટાડયો રાજ્યમાં વળી.
શુદ્ધ વાણિજ્યમાં વ્યાજ–પ્રથા ઘોર ટકી નથી;
યંત્રો સાદાં, કળા સાચી, વિકૃતિ વૈભવો નથી.

વધારી ખેતીસમૃદ્ધિ, કાલાં ને ધાન્યના ઢગો,
ફૂલઝાડ તણી સૃષ્ટિ, ઓષધિઓ અપાર છે.
ગાયોનાં જૂથ ઝૂલંતાં, ગાડરો–બકરાં બધે.
વર્ધમાન યશોદાએ સુધારી રાષ્ટ્ર–સંસ્કૃતિ.
આપ્યાં ગુરુકુલો દ્વારા શિક્ષણો સ્ત્રીપુરુષને;
ગૃહસ્થાશ્રમમાં રાખે કર્મે ધર્મે કૃતિ ધૃતિ.

## પતિ પત્ની સંવાદ ને સંતાન પ્રાપ્તિ

“યશોદા ! લગ્નસંબંધે ધર્મસંતતિ ક્ષમ્ય છે,
છતાં તેથી વધુ શ્રેય બ્રહ્મચર્યે જ ગમ્ય છે.
રસ શાંતે ભર્યાં શુદ્ધ પિયુનાં વેણ સાંભળી,
યશોદા ધૈર્ય લાવીને બોલી કાંઈક ચિંતવી.
“પારાની ભસ્મ છે, પ્યારા ! નક્કી પૌષ્ટિક એ છતાં
દર્દીને વૈદ્ય આપે શું હોજરી સુધર્યા વિના ?
વિચક્ષણ ‘સ્વયંબોધિ’, વધુ શું આપને કહું ?
આપથી ગુપ્ત મારે શું હૃદયે હોય રાખવું ?
નવ માસ થયા પૂરા નિયમે વર્તતાં થકાં;
યશોદા પ્રસવે પુત્રી યથાર્થ પ્રિયદર્શના.
એક સંતાનથી તૃપ્ત ગૃહસ્થાશ્રમમાં રહે;
એ સાધી મન સંન્યાસ નિર્ણયે મોક્ષ પામશે.
સર્વને વિનયે ન્યાયે દંપતી સમજાવતાં,
પુત્ર ને પુત્રી વચ્ચેનો દષ્ટિભેદ મટાડતાં.

ભલે પુરુષ કે સ્ત્રી હો, દેહઘાટે જુદાં જુદાં,
આત્મા તો એકધર્મી છે, ભેદ માત્ર શરીરના.

જ્ઞાને ત્યાગે તપે ધ્યાને ગયાં જાય અને જશે
મોક્ષે ઘણાં સતી–રત્નો, જૈન સિદ્ધાંત શાખ છે.

## વ્રતમય દામ્પત્ય

એવા એ જૈન સિદ્ધાંતે સત્યાગ્રહી બન્યાં હતાં,
સ્વચ્છંદ છોડીને બંને શિસ્તથી વર્તતાં હતાં.
પંથો ધર્મો વિચારોમાં, સૌમાંથી સારને ગ્રહી,
તજી ખંડનની શૈલી સત્ય મંડન આચરે.
સાચી મધુર ને સ્વાર્થ વદે વાણી અહિંસ્ર એ,
નાનાં મોટાં બધાં પ્રાણી પોતા તુલ્ય ગણી રહે.
ઓછું લેવું, વધુ દેવું, વર્તે એ ભાવથી બધે;
સર્વ ક્ષેત્રે કરે સેવા માની કર્તવ્યરૂપ એ.
ઘટાડે રાજ્યના લાગા, ખર્ચ અંગત જાળવે;
ભોગોપભોગની વસ્તુ સાદી ને અલ્પ વાપરે.
વ્યવસ્થા કાર્યમાં રાખે, કાળમાં નિયમિતતા;
વસ્તુ માત્રે કળા પૂરે સુઘડાં દંપતી સદા.
ઉગ્ર તામસ અત્યંત રસાળાં સ્વાદુ ભોજનો
તથા પીણાં તજી એવાં સાત્ત્વિકાં ખાનપાન લે.
વિકારી દશ્ય ના દેખે, વિકારી વાત ના સુણે,
વિકારી સ્પર્શ સૌ વર્જે, ભૂશય્યામાં જુદાં સૂએ.

પિતા–પુત્રરૂપે પેખે યશોદા નર-જાતને.
માતા–પુત્રીરૂપે પેખે વર્ધમાન સ્ત્રી–માત્રને.
ભૂલે ત્યાં એ ક્ષમા યાચી નવી ભૂલો ન આચરે;
પરનિંદા તજે, ખોટાં વખાણ ન સુણે, કરે.
ધર્મી દેખી થતાં રાજી, દુઃખી દેખી દુઃખી થતાં;
પાપી પર અતિ પ્રેમ રાખી એને સુધારતાં.
પક્ષમાં એક દા'ડો એ પ્રવૃત્તિ બાહ્ય સૌ તજી
ગાળે ચિંતન ને ધ્યાને અંતરંગ પ્રવૃત્તિથી.
એમ પ્રવૃત્તિ ને પાછી નિવૃત્તિ સમ ત્રાજવાં
રાખતાં ઉભયે વર્તે કર્મમાં ધર્મમાં સદા.
રાજ્યો સ્વરાષ્ટ્ર ને જાતિ વખાણે કર્મ એહનાં,
ધર્મે એ પાર્શ્વના સંઘે શુદ્ધ શ્રાવક-શ્રાવિકા.

ક્ષમા સૌજન્ય સંતોષ, અંતર્બાહ્ય પવિત્રતા,
કુલીન ભાવ ને શાંતિ, અભયી ચિત્તસ્વસ્થતા,

નિરભિમાનતા ઊંડી, ઝંખ આત્મ-સ્વભાવની,
ભેદ–વિજ્ઞાનનાં ચોખ્ખાં લક્ષણો પૂર્ણ દીસતાં.

'પરિગ્રહો તજી સર્વે ટાળી બંધન એ બધાં.
ભાવના ભાવતાં આવી ઇચ્છા રોધી તપો કરે;

## દીક્ષાની ભાવના

વૃદ્ધ માતા નિહાળંતાં પુત્ર–પુત્રવધૂ–ગુણો,
શીળી આંખો થતી એની, હૈયે ઉલ્લાસ વાધતો.

એમ આયુ થતાં પૂરું કાળ એને ગળી ગયો;
જૂનો દેહ તજી એણે નવો દેહ સજી લીધો.
ત્રિશલા બાદ સિદ્ધાર્થ સિધાવ્યા પરલોકમાં;
નંદિવર્ધનને માથે આવી છે રાજ્યની ધુરા.
અઠ્ઠાવીસ થયાં પૂરાં વર્ષોયે વર્ધમાનનાં
ને માબાપ જતાં દીક્ષા લેવાના ભાવ જાગતા.
યશોદા ! મુજ તૈયારી થઈ એવી ક્રમે ક્રમે,
માબાપેય ગયાં ચાલી, સૌ થઈ અનુકૂળતા.
સંપૂર્ણ જ્ઞાન આત્માનું સે'જે થાય ન જ્યાં લગી,
નક્કી રહે અધૂરું એ વિશ્વવિજ્ઞાન ત્યાં લગી.
સાંધ્યા સંબંધ પે'લાં મેં નિભાવ્યા સ્નેહથી ખરે;
આવી છે પ્રેમ રાખીને છાંડવાની ઘડી હવે.
નાની-શી ઝરણી જેમ સિંધુને ભેટવા જતી,
પ્રભુને ભેટવા તેમ જાઉં પૂરા ઉમંગથી.
યશોદાએ સુખે આપી સંમતિ દિલ-સ્નેહથી :
"છું સદ્‌ભાગી ઘણી, નાથ ! અભાગી માત્ર એટલી :
રાજુલ-માર્ગને, વા'લા ! હું શકી ન અનુસરી."
એટલું છેવટે બોલી થંભી એ વિનયી સતી.
નમ્યું શિર યશોદાનું, જાણે ભાગીરથી વહી;
સ્વામી સતી સુતાની એ ત્રિવેણી સ્વ સ્થળે ગઈ.
ઊભા આજે વર્ધમાન જોડી બંનેય હાથને
નંદિવર્ધનની પાસે, પીએ સ્નેહ પછી વદે :

દીક્ષામાર્ગે જવા આજ્ઞા સહ આશિષ આપજો,
આ મારી અરજી, ભ્રાતા ! હવે ચિત્તો ઉતારજો.

"માતાની મીઠડી માયા, હૂંફ સિદ્ધાર્થ તાતની,
જતાં જે ઘા પડ્યો તે તો, ભાઈ ! તાજો જ છે હજુ.

આવે ટાણે, લઘુ ભ્રાતા ! ઓથ તારી જરૂરની
કેટલી એ તું જાણે છે; કહેવાની જરૂર શી ?

"ભલે, વડીલ ! બે વર્ષ હજી વધુ રહીશ હું,
પરંતુ પૂર્ણ ત્યાગીના નિયમો આચરીશ હું."

અહો ચરિત કેવું આ શ્રેષ્ઠ છે વર્ધમાનનું,
સત્ય ને પ્રેમનું જેમાં સંગીન મળવું થતું !

છેલ્લે વર્ષે કરે દાન વસ્ત્ર-ભૂષણ-ધાન્યનું,
અભંગ દ્વારમાં પામે, જે આવે તે બધા બધું.

મદ ના, ન તિરસ્કાર, નમ્ર છે, ભાવ આદર
સૌને કર્તવ્ય-ભાવે દે વર્ધમાન ગુણાકર.

ભિખારુવૃત્તિ ના પેસે લેનારા પાત્રમાં કદી,
ત્યાગે પ્રેરાય તૃષ્ણાળુ, આત્મા દાતારનો ખીલે.

દાન સંયમલક્ષી જે, તે જ સોપાન ત્યાગનું,
બાકી સંગ્રહલક્ષી જે, તે તો દાન ન કામનું.

આમ બે વર્ષ ગાળી એ સંબંધો ભોગ ને પ્રજા,
કાંચળીને તજે સર્પ, તેમ સૌને સ્વયં તજે.

## દીક્ષા

ઉપવાસ હતો આજે દીક્ષાથીં વર્ધમાનને,
દીક્ષાની ભવ્ય તૈયારી થતી ચાલે બધે સ્થળે.
શારદી ઋતુમાં માસે કાર્તિકે શીત દર્શને
દશમી વદિ ને ત્રીજે પો’રે દીક્ષા-વિધિ ઠરે.
ક્ષત્રિયકુંડથી થોડે દૂર ચોગાનમાં સમ
અશોક વૃક્ષની નીચે રચ્ચો જબ્બર મંડપ.
ત્યાં આવ્યા ને પછી બોલ્યા વર્ધમાન સહુ પ્રતિ :
“પરસ્પર ત્રુટી કેરી ક્ષમા માગું, ક્ષમા દઉં.
સંબંધ આજથી સૌનો અબંધાત્મક આદરું,
એમ બોલી ઉતાર્યાં છે વસ્ત્રાલંકાર અંગનાં.
બન્યા મુંડિત એ સાધુ ને ગૃહસ્થાશ્રમી મટ્યા,
ક્યાં ભોગ, શ્રેષ્ઠ ક્યાં યોગી, ક્યાંદાની, ક્યાં સુભિક્ષુક.
“હવે નવ પ્રકારે હું લૌં મહા વ્રત પાંચ જે,
સમિતિ પાંચ, ત્રિગુપ્તિ, આઠને શરણે રહું.”
પ્રતિજ્ઞા પ્રાણને સાટે પાળવા કટિબદ્ધ હું,
સર્વ સિદ્ધો તથા લોકે સર્વ સાધુત્વને નમું.
ગેબી નાદ થયો આમાં જાણે સંમતિ આપવા,
“सत्यं जयति”ના લોકે પડછંદા પડી રહ્યા.

## પ્રેમપંથે પ્રયાણ

દીક્ષાધારી મહાવીર અપ્રમત્ત દશા વિશે
ઝીલતા ત્યાં પહોંચે છે મન:પર્યાય જ્ઞાનને.

દીક્ષા બાદ હવે શીઘ્ર અપ્રતિબદ્ધ ભાવમાં
તજે વિચરવા પોતે ક્ષેત્ર ક્ષત્રિયકુંડને.
એકાકી વિહરે વીર કુમારગ્રામની ભણી,
અનિમેષ જુએ લોકો અતિ ઉત્કટ ભાવથી.

જ્ઞાતૃપુત્રે તજ્યો સ્નેહ પ્રેમને શિખરે જવા
ને સૌને સ્થૂળથી સૂક્ષ્મ પ્રેમપંથે લઈ જવા.
કુમારપુરમાં રાત્રે એકાન્ત સ્થાનમાં ઊભા
ભુજા બંને પ્રસારીને અંગોપાંગે અકંપતા.

નાસિકાગ્રે ઠરી દૃષ્ટિ, ધર્મધ્યાને ઠર્યું મન;
મુદ્રા શાંત હતી જેની, એવા એ જ્ઞાતૃનંદન.
એવામાં એક ગોવાળ “આમનું ધ્યાન રાખજો”
એમ બોલી વૃષો મૂકી કાર્યાર્થે ગામમાં ગયો.

ભૂખ્યા એ બળદો ઘાસ ચરતા ચરતા ઘણે
ગયા દૂર, અહીં યોગી ધર્મધ્યાને અડોલ છે.

ન જોયા બળદો જ્યારે, પૂછ્યું તોય ન એ વદે,
તેથી ભમ્યો ઘણું ગોપ ને આવ્યો છેવટે ફરી.

ત્યાં દીઠા બળદો પાછા સાધુની પાસ, એ થકી
ભમાવ્યો સાધુએ માની રાશથી મારવા મંડે.
ચિત્તેય ક્રોધ ના એને, સમતામાં રમી રહ્યા.

છે કોક જડ આ મૂઢ બોલી રૌદ્ર હસ્યો, પણ
હાર્યો એ મારનારો જ, ન હાર્યા યોગિરાજ એ.

## નિર્ગ્રંથની જીવનચર્યા

પ્રભાતે વિહરે પાછા નિર્ગ્રંથિ અન્ય ગ્રામમાં;
એમ ગ્રામે શહેરે એ પાદવિહાર સેવતા.
તેર માસ પછી વસ્ત્ર નો'તું નિર્ગ્રંથની કને;
હો વસ્ત્ર કે ન હો વસ્ત્ર, તમા એની ન એમને.
કર-પાત્રે કરે ભિક્ષા, જળ પ્રાંસુક વાપરે,
સંયમી દેહ-યાત્રાર્થે લે છે એ ખાનપાનને.
અકિંચન વિહારીને સાદું સુલભ સૌ સ્થળે,
સર્વ રીતે વિચારીને ખાનપાન અચેત લે.
દત્ત ભિક્ષા લઈ તેમ સે'જે જીવન નિર્વહે,
એવી ભિક્ષા મળે ના તો તપ માની ભૂખ્યા રહે.
ચાલતાં સાંજ થાતાં એ શ્મશાનેય રહી જતા,
કે વસી યક્ષસ્થાનોમાં, લોકના વે'મ ટાળતા.
પ્રાતઃકાળે તથા સાંજે ગુણદોષો તપાસતા,
નિશ્ચયો દૃઢ સેવી એ સ્વ પ્રતિક્રમતા હતા.
મને વચન ને કર્મે અખંડ બ્રહ્મચર્યતા
ઉપાસે જાગતા જોગી રાખતા સાવધાનતા.

(શાર્દૂલ)

ચાલે ખાય પીએ સૂએ, વળી ઉઠે બેસે વદે કે ઉભે,
એકે એક ક્રિયા મહીં જરૂર એ યોગી જ યોગી રહે;
રાખે સંતત અપ્રમાદ જ છતાં ચિત્ત પ્રમાદે ચડે
તો એને ઝટ આત્મવશ્ય કરીને પાછા સુધ્યાને વળે.

(અનુષ્ટુપ)

મુંડ નગ્ન તપસ્વી છે તોય એ રૂપ–પુંજ છે,
મોહેલી રૂપ–મુગ્ધા કો આવે એકાંત જોઈને.
આસને સ્થિત યોગીનાં અંગે આલિંગતી છતાં
મનને મારતા યોગી રોમાંચે ચળવા ન દે.
તે શ્યે ફસાય આવા આ નરાધમ–વિકારમાં
કામાંધ જીવની શુદ્ધ દયા ચિંતવતા થકા?
કષ્ટ પ્રેમે સહે પોતે, સહે પ્રેમે પ્રલોભનો;
હર્ષ–શોક તણાં દ્વંદ્વ કદી ના એમને નડે.

## અનાર્ય પ્રદેશનું સંસ્કરણ

લાઢ પ્રદેશમાં જ્યારે વિવિધ ક્ષેત્ર સ્પર્શતા
ભિખ્ખુ જતા હતા ત્યારે સજ્જનો રોકતા હતા.
"અનાર્યભૂમિ છે, આર્ય! ત્યાં તો વિહરશો નહીં.
જંગલી લોકો કદર સંતની બૂજશે નહિ.
અનાર્ય આર્ય વચ્ચેનો આત્મભેદ ન સંતને,
આર્યતાથી થતો આર્ય ગણે એહ અનાર્યને.
"સંગે રહી અમો સેવા કરી સત્સંગ સાધશું!
માન–ભૂખ્યા ન નિર્ગ્રંથ," કહે છે વેણુ આટલું.

(શિખરિણી)

ઘૃણાનાં સ્થાનોમાં પણ નવ ઘૃણા વીર કરતા,
વળી મોહસ્થાનો પણ નવ કદી યાદ કરતા.

(અનુષ્ટુપ)

ભાલાં ખપ્પર લૈ દોડે ભિખ્ખુને કોઈ મારવા;
કોઈ તો પથ્થરો ફેંકે આવતા અટકાવવા.

વાળ ખેંચી વળી કોઈ ગામમાં પેસવા ન દે,
શિકારી શ્વાનને પ્રેરી મથે કો કરડાવવા.

તોય ત્યાં વિચરી વીર આર્યતા પ્રસરાવતા
ક્ષમાસિંધુ અહો કેવા પાપીમાં ધર્મ પ્રેરતા!

આત્મા લોક ક્રિયા કર્મ એકાંતે જે નિરૂપતા,
તે સૌની દૃષ્ટિથી સૌનું માપીને સત્ય શોધતા.

એઓ મૌન રહે, બોલે તોય નિષ્પાપ વેણ છે;
સહેજે તપ છે મોટું, નિદ્રા અત્યંત અલ્પ છે.

ગોવાળે કાનમાં ઘોંચ્યા કાષ્ઠના તીક્ષ્ણ ખીલડા,
નીકળી ગઈ છે ત્રાસે ચીસ નિર્ગ્રંથ–કંઠથી.

પૂર્વના વૈરનું તોય પરિણામ ગણી સહે;
નિમિત્ત બાહ્યને દોષ મહાવીર કદી ન દે.

દુઃખે કંટાળતાં કો'દિ મૃત્યુ એ ઇચ્છતા નથી,
સમર્થો કૈક વંદે છે માન એનું લગાર ના.

એકદા વનવાટે એ સુખે સંચરતા હતા,
ત્યાં કોઈ એ કહ્યું : "સાધુ, તું ના આ વાટથી જજે.

ચંડકૌશિક છે સર્પ, ઝેરનો એ મહાનિધિ;
એની દૃષ્ટિય ઝેરીલી પ્રાણીના પ્રાણને હરે."

સત્યાગ્રહી મહાવીરે સહેજે માર્ગ ના તજ્યો;
રાફડા પાસ જોતાં જ સર્પ–ક્રોધ અતિ વધ્યો.

પાણીની રેલની જેમ દોડચો સડસડાટ એ;
દૃષ્ટિથી વિષનાં ફોરાં ફેંકતો એ ફણા ધરે.

રસપ્રશમ રેલતાં નેત્રો યોગી તણાં પડચાં,
સુધા ને ઝેરના યુદ્ધે અંતે જીતી ગઈ સુધા.

દૃષ્ટિ વ્યર્થ ગયે ડંસ માર્યો તોય અમીઝરા,
યોગીના અંગમાંથી તો શુચિ શ્વેત વહી સુધા.

અનિમેષ જુએ સામે ઊભેલા પ્રેમસિંધુને;
આંખે આંખ મળી બેની, દીએ એક, બીજો લીએ.

પ્રેમપાન કરી સર્પ–આત્મા સળવળ્યો હવે;
કાળ પેખી કહ્યું ત્યારે : "બૂઝ સંબૂઝ" સાધુએ.

"નથી તું સર્પ, છો આત્મા, નથી ઝેર, તું અમૃત,
જો જો તારી સ્મૃતિ ખોલી, થા સભાન તું જાગ્રત."

'સુધારું હું હવે બાજી,' ચિંતવી એમ સુધર્યો,
પ્રચંડ ક્રોધને સ્થાને પ્રયોગ – પ્રેમ આદર્યો.

ઉગાર્યો સર્પને આમ યોગીએ ભવસાગરે,
પામ્યો સફળતા પૂર્ણ અહિંસાનો પ્રયોગ આ.

સંત ચિંતામણિ બેમાં વધે સંત સુધારસ;
એકથી થાય છે સોનું, બીજાથી થાય પારસ.

## કેવળજ્ઞાન-પ્રાપ્તિ

એકદા ગ્રીષ્મમાં પોતે બેઠા સાલતરુ તળે
ગો-દોહિકાસને યોગી ચિંતે આત્મ-સ્વરૂપને.
પાસે વહે મૃદુ મંજુ સરિતા ઋજુ-વાલુકા
એને તીરે તપસ્વી એ ધ્યાનમાં ઝીલતા હતા.

(શાર્દૂલ)

ઊનો ભાનુ અને શશી શીતળ છે, તેજસ્વી બેઉ છતાં
વિશ્વે ચેતનની રહી વિવિધતા, મૂળે છતાં એકતા;
ત્યાગી સર્વ પ્રમાદ એમ ક્ષપક શ્રેણી ચડ્યા વીરજી
ઝૂઝ્યા વેદ-કષાય સંગ અતિશે આજે પૂરા જોરથી.

(અનુષ્ટુપ)

ધર્મ-ધ્યાન વટાવીને શુકલ ધ્યાને ઠરી રહ્યા;
અહો કેવા મહાવીર શોભે શાંત-પ્રશાંત એ!
'આત્મા જુદો, જગત્ જુદું' સીમા એ જ્ઞાનની વહી,
ત્રણે ભુવનમાં આત્મા ધ્યાને કેવળ એ જુએ.
ધ્યાતા ધ્યાન અને ધ્યેય એકરૂપે બની ગયાં,
ક્ષીણ મોહ થતાં પામ્યા પૂર્ણ એ વીતરાગતા.
નિહાળ્યો કેવળ જ્ઞાન-પૂર્ણ આત્મા તણો રવિ,
હસ્તામલકવત્ છે જ્યાં બધાયે ભાવની ગતિ.
કરોડો ચંદ્ર ને સૂર્ય પ્રકાશે સામટા છતાં
ન આવે ઉપમા એની, એવો આત્મ-પ્રકાશ છે.

ભવબીજ બળ્યું છેક, કૃતકૃત્ય થઈ ગયા,
આયુવશ રહ્યો દેહ લોકકલ્યાણ–કારણે.
પ્રાણો ભૂતો જીવો સત્ત્વો શ્રમણો તેમ સાધકો
જિન અર્હંતને પૂર્ણ–ભાવે સૌ સ્તવતાં હતાં :

(વસંતતિલકા)

"સર્વજ્ઞ ! હે સકલ–દોષ – વિહીન શુદ્ધ !
આનંદકંદ ! શિવ ! શાંત ! અનંતવીર્ય !
ઓ વીતરાગ ! જિનરાજ ! અનંતવીર્ય !
અધ્યાત્મપૂર્ણ ! અજ ! નિત્ય ! અખંડ–ધૈર્ય !

(ઉપજાતિ)

પ્રજ્ઞાનમાં અક્ષય સિંધુ જેવા, શીતાંશુ તારાગણમાં શશી-શા,
ક્ષમા મહીં ભૂમિ-સમા, રસોમાં ઈક્ષુ–સમા ઇષ્ટ મધુર આપ.
મેરુગિરિ–શા સ્વરૂપે અડોલ, અગાધ ગંભીર સમુદ્ર–તુલ્ય,
આકાશ શા નિત્ય નિજાવલંબી, વાયુ–સમા અપ્રતિબદ્ધચારી,
ગંગા–સમા પૂર્ણ પવિત્ર આપ, નિર્લેપ છો પદ્મ સમાન, નાથ !
કર્મ–મૃગો સિંહ સમાન દેખી ન આપને બાધ કરે હવેથી.
નીતિ મહીં રામ થયા વરિષ્ઠ ને યોગમાં યોગી શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ,
એ નીતિ ને યોગનીભૂમિકામાં વાવી રહ્યા અમૃત-શી અહિંસા.

(અનુષ્ટુપ)

મનુષ્યો પશુઓ દોડી ઘેરે છે જ્ઞાતપુત્રને,
પૂર્ણ પ્રેમ મહારાજ્ય એનું સર્વત્ર વિસ્તરે.

## ધર્મસભા અને દેશના

પ્રારંભી દેશના વીરે, પૂર્ણ જ્ઞાન થયા પછી,
અખૂટ ધૈર્યના પાઠ વક્તાને સાંપડે અહીં.
ને સુણીને સુધા–શી આ મીઠી બાની પીતાં સ્વયં,
સમજે ભાવ સૌ જીવો, એવી વાણી સ્ફુરે સ્વયં.

## સદુપદેશ

હતો સંક્ષેપમાં આવો એમનો ઉપદેશ સદ્દ,
તત્ત્વજ્ઞાન અને જ્ઞેય, તથા ચારિત્ર્ય ત્રેવડો.
મૂળે આત્મા અરૂપી છે, રૂપી છે મન ઇંદ્રિયો,
અરૂપી તેથી રૂપીથી નથી પ્રત્યક્ષ એ થતો.
બુદ્ધિના વૈભવો સર્વે, શક્તિના તેમ વૈભવો,
આવિર્ભૂત થતા વિશ્વે આત્મજ્યોત થકી બધા.
જ્યાં જ્યાં સૌંદર્ય દેખાય, ત્યાં ત્યાં ચૈતન્યજ્યોત છે,
દ્રષ્ટા સૌંદર્યનો તેય માત્ર ચૈતન્યવંત છે.
તો શાને જડને બાઝે, તજી ચૈતન્ય માનવી,
ચૈતન્ય–જ્યોતને માટે મનુષ્યે યત્ન માંડવો.
માન્યતા આ ઉરે લેતાં સંખ્યામોહ નહીં રહે,
વિશ્વના સર્વ ધર્મોમાં તમોને સત્ય લાધશે.
પાખંડ રૂઢિ ભેદીને ગ્રહવું સત્ય દોહ્યલું,
માટે વિવેકીની આંખે ભલું સર્વત્ર ભાળવું.
નીતિ છે ધર્મનો પાયો, માટે એ દૃઢ રાખવો,
શ્રમે રળી સદાચારી રે'વું એ સાર નીતિનો.

સમાજ વ્યક્તિ બંનેનો વિકાસે નીતિથી થતો,
વિના નીતિ નથી થાતો પચાવે તત્ત્વજ્ઞાનનો.

જીવો અજીવ એ વિશ્વે તત્ત્વ તો મૂળ બે જ છે,
જીવસ્વરૂપ છે મૂળ માત્ર જ્ઞેય જ એક એ.

મુખ્ય જે ચાર આકાશ ધર્મ આ–ધર્મ પુદ્ગલ,
અજીવોમાં ગણાયે છે કાળ તો ઔપચારિક.

માટે જ જીવની સાથે પાંચ એ અસ્તિકાય છે,
માત્ર પુદ્ગલ છે મૂર્ત, બીજાં સર્વ અમૂર્ત છે.

હાનિ–વૃદ્ધિ થવી એ જ મુખ્ય પુદ્ગલ–લક્ષણ,
પરમાણુ જ છે નિત્ય, એનો નાશ નથી થતો.

થાય હાનિ અને વૃદ્ધિ, હોય જ્યાં સ્કંધરૂપ એ,
વર્ણ ગંધ રસ સ્પર્શ આકારે ઓળખાય એ.

સંસાર અન્ય દ્રવ્યોના સહકારે જ જીવને,
બંધ તો જીવને ખાસ પુદ્ગલ દ્રવ્યથી જ છે.

નથી પુદ્ગલને જ્ઞાન, માટે એ બોલતું નથી,
જીવનું જ્ઞાન છે ઊંધું તેથી બોલે દુઃખી સુખી.

ભમે સંસારમાં જીવ, મોક્ષ થાય ન ત્યાં લગી,
સૂક્ષ્મ દેહો થકી સ્થૂળ નવા દેહો સજી સજી.

સૂક્ષ્મ દેહ તણું એને મૂળ કારણ કર્મ છે,
કર્મનું મૂળ છેલ્લે તો મૂળે જ્ઞાન–અભાવ છે.

ન થાય મૂળનું જ્ઞાન ત્યાં લગી જીવ બદ્ધ છે,
માટે જ મોક્ષનો શીઘ્ર ઉપાય કરવો ઘટે.

સાધનો માનવીનાં છે મન ઇંદ્રિય ને તન,
મોક્ષને સાધવામાં જો એઓનો ઉપયોગ લે.
માટે 'બૂઝો, બૂઝો' એમ જ્ઞાનીઓ ઉચ્ચર્યા કરે,
બૂઝેલાને પ્રતિબંધ છોડીને નીકળો કહે.
ગુણ–પર્યાયવત્ દ્રવ્ય–પર્યાયો ફરતા, પણ
પોતાના ભાવથી દ્રવ્ય કદી મૂળે ચળે નહીં.
એ દૃષ્ટિથી ગણાયે છે સત્યનાં ત્રણ લક્ષણ :
ઉત્પાદ વ્યય ને ધ્રૌવ્ય ત્રણે ઘટી રહે સદા.
સંસારે ત્રિદશા સૌમાં ઉત્પાદ ધ્રૌવ્ય ને વ્યય,
બોધાર્થે રૂપકોમાં એ બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર.
વિશ્વમાં પાંચ દ્રવ્યોનો માત્ર વિલાસ સૌ સ્થળે,
વિશ્વશુવિજ્ઞાનમાં આથી વધુ બીજું ન કાંઈ એ.
ને એ પાંચેય દ્રવ્યો જો દેહીના દેહમાં જ છે,
તો શાને બાહ્ય છોડીને સ્વમાં પે'લાં ન પેખવું ?
આ શોધ સારુ તો તત્ત્વો સાત છે અથવા નવ,
જીવો અજીવ બે છોડી પાંચ કે સાત અન્ય છે.
હેય જ્ઞેય ઉપાદેય, ત્રિપુટી તત્ત્વ ખાતર,
ઉપયોગી બને છે એ, ભૂલવી નવ જોઈએ.

## નય નિક્ષેપ અને જ્ઞાનના પ્રકાર

ક્યારે લેવું કશું ને ક્યાં તજવું તેમ જાણવું,
એ માટે નયનિક્ષેપો તેય તે છે જરૂરના.

ભાવ છે મુખ્ય આત્મા જ, બાકીનાં અંગ ગૌણ છે,
ભાવને પેખીને માત્ર, પ્રગતિ કરવી ઘટે.

જ્ઞાન પાંચ : મતિ શ્રુત અવધિ મનપર્યવ,
પાંચમું કેવળ જ્ઞાન, એ જ પ્રત્યક્ષ પૂરણ.

અવધિ–જ્ઞાનમાં ભાસે લોકનાં મૂર્ત દ્રવ્ય સૌ,
મનઃપર્યાયમાં માત્ર મનોદ્રવ્ય જણાય છે.

કેવળજ્ઞાનમાં ભાસે લોક સંપૂર્ણ સામટો,
તેથી એ જ્ઞાનને માટે પ્રયત્ન કરવો ખરો.

મનઃપર્યાય એ જ્ઞાન સંભવે આત્મશુદ્ધિથી,
પે'લાં ત્રણેય જ્ઞાનોમાં બેઉ શુદ્ધિ–અશુદ્ધિ છે.

આત્મશુદ્ધિ વિના શૂન્ય પ્રાણ ને બુદ્ધિ આદિ સૌ,
વિદ્યાદિ સાધનો સર્વે માટે છે જ તદર્થ સૌ.

કર્મે વાણી મને શુદ્ધ થાવા વિષય જીતવા
ઇંદ્રિયો સંવરી રાખો, મનોવિકાર કાઢવા.

શુદ્ધિમાં દૃષ્ટિ રાખીને કરવી સૌ શુભ ક્રિયા,
દૂરે અશુભથી રે'વું, સીધો પંથ સદાય આ.

જિજ્ઞાસાના જ બે પાયા છે વિચાર વિવેક એ,
નીતિક્ષેત્રે રહી સ્થિર દોરે એ જ્ઞાન–ભૂમિએ.

હેય શું જ્ઞેય શું ત્યાજ્ય, એ ત્રણેનું ય બુદ્ધિથી
શુદ્ધ ભાન કરાવે તે વિવેકી–બુદ્ધિ જાણવી.

## સમ્યક્-દર્શન

એ જ્ઞાનભૂમિમાં અંગ મુખ્ય પાંચ જ આ રહ્યાં :
શમ સંવેગ નિર્વેદ, અનુકંપા સુનિર્મળ,
ને આસ્થા, એમ પાંચેનું નિર્વેદ બિંદુ મધ્ય છે,
આ જ સત્ય, બીજું ખોટું, એવો ગ્રહ શમે નથી.
સદ્ દષ્ટિ ચશમાંથી એ વ્યક્તિ ને વસ્તુને જુએ,
સત્યાંશો લઈ એમાંના દાખવે અન્યને ય એ.
ખોટા મનતરંગો કે સંવેગી-હોજમાં નથી,
તેથી જ સત્યમાં થાતી સંકલ્પબળથી ગતિ.
ન દયા છીછરી જેમાં, અનુકંપા અજોડ તે,
તેથી જ સત્ય ને પ્રેમ બંને ત્યાં સચવાય છે.
સ્વ અને પર બંનેનું પ્રેય શ્રેય સધાય છે,
વિશ્વવાત્સલ્ય–રેખાનો અહીં પ્રારંભ થાય છે.
સત્યની શોધમાં આસ્થા કે શ્રદ્ધા શ્રેષ્ઠ સાધન,
તર્કો શાંત કરે શ્રદ્ધા, શાસ્ત્ર સંત સ્વબુદ્ધિએ.
એ ચારે અંગ–અભ્યાસે વૈરાગ્ય પણ જોઈએ,
નિર્વેદ એ જ વૈરાગ્ય, રાગ–હીન જ પ્રેમ છે.

## સમ્યક ચારિત્ર અને સંયમ

આમાંથી ફળતાં બારે સે'જે શ્રાવકનાં વ્રતો,
સાધુનાં પાંચ જે મુખ્ય તે ગણાય મહાવ્રતો.
સમિતિ ગુપ્તિ છે આઠ, મારૂપે સેવી મેં જ એ,
રાત્રિભોજનનો ત્યાગ છે સુરૂપનિસર્ગને.

આસ્રવો રોકવા માટે આ બધું અનિવાર્ય છે,
આસ્રવો બે પ્રકાર છે : પુણ્ય ને પાપરૂપ એ.
પુણ્યનો પુંજ છે સ્વર્ગ, નારકી પાપપુંજ છે,
એકે સુખ, બીજે દુઃખ, માટે બંને નિરર્થક.
કર્મ બંધાય તેથી જ ને ભવે ભમવું પડે,
એ સૌમાં મોહ છે મૂળ, જેને લીધે બધાં રહે.
દર્શન જ્ઞાન ચારિત્ર્ય, સચ્ચિદાનંદ–રૂપ એ,
એ આત્માના ગુણો રોકે, માટે એ મારવો ઘટે.
એનાથી (મોહથી)કર્મ જે આવે, કર્મ આસ્રવરૂપ તે,
માટે રોકાણ એનું જ પહેલાં કરવું પડે.
જે આસ્રવનું રોકાણ, તે જ સંવર તત્ત્વ છે,
માટે વ્રતાદિ નિઃશલ્યે સેવવાં એ જ સંવર.

## નિર્જરા અને તપ

સંવરે થઈ છે શુદ્ધિ કરાતાં સર્વ કર્મની,
કર્યાં ને ઉદયે આવ્યાં તે બેની કરવી રહી.
નિર્જરાથી થતી એય, તેથી છે ગ્રાહ્ય નિર્જરા,
માટે સકામ છે શ્રેષ્ઠ, અનાસક્તિય એ જ છે.
સંયમે તપ ને ધ્યાને ક્રમે એમ સધાય એ;
સકામથી થતા બંધે સંસાર ક્ષીણ થાય છે.
સ્થિતિ પ્રદેશ ને નામ સર્વનું મૂળ છે રસ,
જે રસે કર્મ જે બાંધે તે રૂપે તે જ ભોગવે.

તેથી જ ભાવનાશુદ્ધિ મુખ્ય પાયો બની રહે;
સંયમે તપ ને ત્યાગ ભાવના ઉપરે ટકે.

### બંધ–મુક્તિનાં સાધનો

જ્ઞાને મિથ્યાત્વનો નાશ, વ્રતે અવિરતિ ટળે;
મદો નિંદા ભયો શલ્યો, વિકથા ને કષાય સૌ.
ટળે ક્રમે ક્રમે દોષો સંયમે ત્યાગે ને તપે;
વ્રત આલોચના નિત્યે સાધકે કરવી ઘટે.
ભાવનાશુદ્ધિથી ધ્યાન ક્રમશઃ ચડતું જતું,
શુકલ ધ્યાને મળે સિદ્ધિ અવ્યાબાધ અનુત્તર.

### સાતત્ય અને પરિવર્તનો

વ્રત–ક્રિયા તથા બીજાં અંગોમાં પરિવર્તનો,
મૌલિક સત્યની રક્ષા કરવા કરવાં ઘટે.
નહિ તો રૂઢિઓ જ્યારે વ્યાપે છે ધર્મપાવકે,
ત્યારે થાય દશા એની ધૂમે ઘેરેલ અગ્નિ–શી.
આ દૃષ્ટિથી જ મેં પોતે પાર્શ્વતીર્થ થકી ઘણા,
કર્યા છે ફેરફારો તે જાણો છો જ તમે બધા.

### ચતુર્વિધ સંઘ

ધાન્યના તાત ખેડૂતો, સંસ્કૃતિ તાત સાધકો,
જ્ઞાન–તાત અનાસક્તો, સંતો ભક્તો સુસાધુઓ.
જે તરી અન્યને તારે, સાધુ તે તૂંબડા સમા,
તેથી સ્થવિરકલ્પી, જિનકલ્પી નમે સદા.

જૈનાગમ મહીં મોટું છે તીર્થંકરનું પદ,
પ્રેરે પ્રકાશને પંથે ખેંચીને અંધકારથી.
તરીને તારતા એઓ, શરણાગત-વત્સલ,
લોકનાયકનું સ્થાન સિદ્ધથી પણ ઉત્તમ.
સ્વયંશુદ્ધ સ્વયંબુદ્ધ તીર્થંકર થઈ શકે;
વિશ્વવાત્સલ્યથી પામે, એવું પદ સુસાધકો.
સત્ય પ્રેમ અને ન્યાય, તે ત્રણેનો સમન્વય,
સાધી અનેક જન્મે એ પામે પદ અનુત્તર.

## સમન્વયકારી વાણી

કાળસ્વભાવ પ્રારબ્ધ નિયતિ પુરુષાર્થ એ
પાંચે સૌ કાર્યમાં સાથ સદા આપે મનુષ્યને.
કર્તા ભોક્તા જ છે આત્મા, ને પુરુષાર્થ એહને,
પૂરો અધીન છે, માટે પુરુષાર્થ જ મુખ્ય એ.
આમ એ બોધની ધારા ઝીલતાં સર્વ માનવી,
સર્ચલાઈટ-શી એની પડે સર્વત્ર રોશની.
યજ્ઞ હિંસકનો એઓ વિરોધ કરતા હતા,
વેદપ્રમાણ ટાંકીને શુદ્ધ યજ્ઞ બતાવતા.
શબ્દોમાં જોર દેનારા પંડિતો ને પ્રભુ સદા,
ભાવ આત્મા ભણી વાળી સ્થૂળ ગ્રહ તજાવતા.
આત્મજ્ઞાને લઈ જાય તે વિદ્યા માત્ર ગ્રાહ્ય છે;
વધે સંસાર જેનાથી વિદ્યાઓ સર્વ ત્યાજ્ય તે.

વિશ્વની સઘળી ચીજો આત્મા આગળ ગૌણ છે,
એમ માની વિચારી જે ચાલે, આત્માર્થી તે જ છે.

માટે જ હક છે સૌને, પુરુષાર્થ કર્યા કરો.
"મારું તારું" તજી આવું જાણે તે પુરુષાર્થી છે.

સ્વ–પરીય પરંશ્રેય પૂર્ણ જ્ઞાની થઈ કરે,
અવતારી કહો તેને શ્રદ્ધા સારુ ભલે તમે.

મૂળ જ્ઞાને નથી ભેદ, કિંતુ કર્મ–ઉપાધિથી
ભેદે અનંત છે જીવો, એક છે જ્ઞાનદષ્ટિથી.

જગત્ ભલે પડે મોટી ખાઈમાં, તેથી શું થયું ?
આત્માનું આપણે સાધો મૂકી સેવા–પ્રપંચને.

જગત્સેવા થકી મોટું કોઈ કાર્ય જગે નથી,
માટે એ કરવું નિત્યે આત્માનું નામ છાંડીને.

છે એ બંનેય એકાંતી, એમ એઓ બતાવતા.
લોકસેવા કુસેવા છે, જો આત્માર્થ ન હોય એ.

લોકસેવા નથી જેમાં, તે આત્માર્થ નહીં ખરો;
આત્માર્થ લોકસેવામાં, આત્માર્થે લોકસેવના.

થાય છે જન્યજનક એ બંનેય સુપાત્રને;
સુમેળ સાધીને આમ એઓ સત્ય પ્રબોધતા.

આથી પંડિત ખેંચાયા, વાદીઓ બુદ્ધિના નિધિ;
જ્ઞાતૃપુત્ર બન્યા જાણે વિશ્વવાત્સલ્ય–વારિધિ.

## ગણધરો અને તીર્થ રચના

ઈંદ્રભૂતિ હતા મોટા વેદ–પારંગ પંડિત;
ઘમંડે રાચતા એઓ હતા આવ્યા પરીક્ષવા.

પરીક્ષા કરનારાની પરીક્ષા જ થઈ ગઈ;
મૂંડાયા વીરની પાસે ઈંદ્રભૂતિ મહામતિ.

એમ એકેક મૂંડાયા, એકાદશ સુપંડિતો;
સેંકડો શિષ્ય સંગાથે એ બન્યા ગણધારકો.

શ્રેણિક રાજવી બૂઝ્યા ને બીજા રાજવી ઘણા;
ઘણા ક્ષત્રિય દીક્ષા લૈ સાધુરત્નો બની ગયા.

જ્યાં નથી શિષ્યનો લોભ, મતની મમતા નથી,
ચુનંદાં રત્ન ત્યાં હોય, છો સંખ્યા અલ્પ કે ઘણી.

પે'લેથી માનતા એઓ ગુણપ્રાધાન્ય જાતિમાં,
બ્રાહ્મણો ક્ષત્રિયો વૈશ્યો શૂદ્રો શિષ્ય થયા હતા.

ગૃહસ્થાશ્રમ કે લિંગ, દેશકાળાદિ કોઈએ,
મોક્ષને બાધ ના દેતાં, માત્ર ઉદ્યોગ જોઈએ.

પામ્યા ભવિપણું જેઓ માનવી ભવ મેળવી,
તેવાને મોક્ષ છે નક્કી, જો રાખે પદ જાળવી.

સાધુ–સાધ્વી તથા એમ શ્રાવક–શ્રાવિકા મળી,
ચાર તીર્થો ગણે વા'લાં તીર્થંકર જગત્પતિ.

ઈંદ્રભૂતિનું ગોત્રીય નામ 'ગૌતમ' ખ્યાત છે;
સાધુસંઘ તણા મુખ્ય સેનાની સરદાર એ.

છે સાધ્વી સંઘનાં નેત્રી સતી ચંદન બાળિકા,
સદ્ધર્મ તંત્ર–નિષ્ણાત એ સ્વતંત્ર ચલાવતાં.

શંખાદિ કામદેવાદિ શ્રાવકો સુપવિત્ર જે,
શ્રમણોપાસકો તેઓ ધર્મતત્ત્વ–વિશારદો,

રાખી ગોકુળ ગાયોનાં, સ્વશ્રમે કૃષિ સાધતા;
વિવેકે શુદ્ધિ ને વિશ્વ–સંસ્કૃતિ વિકસાવતા.

અભ્યંગ–દ્વાર છે ખુલ્લાં અતિથિ સારુ એમનાં;
દયા ને દાનનો ઊંડો મર્મ એઓ પિછાણતા.

'હતું ધન ઘણું તોય છે વહીવટદાર એ'
ગણી વાત્સલ્ય વર્ષાવે સૌ પરે ભ્રાતૃભાવથી.

જયંતી રેવતી જેવી સુશીલા શ્રાવિકા ઘણી,
મહાબુદ્ધિ મતિ–શુદ્ધ, અજોડી ભક્ત વીરની.

## નિર્વાણ

બોધ્યાં અનેકને એમ આયુષાંત ઘડી લગી,
આવી લાગી હવે આજે વીરનિર્વાણની ઘડી.

દિવ્ય વાણી પ્રભુ–મુખે અંતિમા નીકળી રહી;
અત્યંત ભાવથી એને ઝીલી પરિષદે રહી.

ૐકાર–ધ્વનિ ગુંજે છે, પડે તેનો પ્રતિધ્વનિ;
થોડી જ વારમાં શાંતિ પોતે સ્થાન જમાવતી.

રૂંધાયો મનનો પે'લાં, વાણી ને તનનો પછી;
એમ ત્રણ ગયા યોગો, અયોગી એ બની સ્થિતિ.

સિદ્ધ, બુદ્ધ તથા મુક્ત પરિનિવૃત્ત એ થયા,
સર્વ દુઃખાંત પામીને જ્ઞાનાનંદે ઠરી ગયા.

શરીર–દીપ બુઝાયો, પ્રજળ્યો દીપ ધર્મનો,
અમાવાસ્યા તણી રાતે દીપાવલી ઝગી અહો!
દિવાળી–પર્વની રાત્રે નિર્વાણ વિભુ વીરનું;
'અપાપા' એ પુરી નામ પૂર્ણ સાર્થ બની ગયું.

### ગૌતમને કેવળ જ્ઞાન

મળ્યું ગૌતમને બા'નું રાગત્યાગ પ્રશસ્તનું,
ને તેથી કેવળજ્ઞાન રૂડું પામ્યા પ્રભાતમાં.
એમ એ ગુરુ ને શિષ્ય બની આદર્શ જોડલી,
ગુરુ ક્ષત્રિય ને શિષ્ય–બ્રાહ્મણ એ કથા ભલી.
"વેદનો અર્થ છે જ્ઞાન, ચારિત્રી અર્થ ક્ષત્રનો,
એવી જોડી કરી આર્યો સાધો ઉદ્દેશ ઐકયનો."
એ બોધતી કથા જીવો જીવો ચરિત વીરનું
અહિંસા-સત્ય જેવાં છે ત્યાં શાસન પ્રભુ વીરનું.
વિશુદ્ધ પ્રેમને સેવી સત્ય જે ચૂકતા નથી,
દોરે જગતને ન્યાયે, જીવો તે વિશ્વપ્રેમીઓ.
સંયમે તપની પાંખે અહિંસા નભમાં ઊડે;
સાધુ ને સાધકો એવા જૈનો કાયમ જીવજો.

# પ્રથમ વર્ષે પ્રગટ થનાર પુસ્તિકાઓ

(૧૯૮૬–૮૭)

*૧. માતૃહૃદયી સંતબાલજી :
પુ. ગ. માવળંકર
*૨. મારા ગુરુદેવ નાનચંદ્રજી મહારાજ
*૩. શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી
*૪. ગીતા–દર્શન
*૫. વિશ્વવાત્સલ્ય
*૬. ગાંધીજી મારા પ્રયોગના પ્રેરક
*૭ ગો સેવા–ગોવત્સલતા
*૮. ગૃહસ્થાશ્રમના પથિકોને
*૯. ષડ્દર્શનની સંક્ષિપ્ત મીમાંસા
*૧૦. શ્રી આચારાંગ અને
ગીતાનો સમન્વય
*૧૧. ગૃહસ્થનો ધર્મ
*૧૨. ભાલનળકાંઠા પ્રયોગ
*૧૩. જૈનધર્મ-વિશ્વધર્મ
*૧૪. ૧૫. વિશ્વવત્સલ મહાવીર
૧૬. શુદ્ધિપ્રયોગ
૧૭. માતૃસમાજ
૧૮. કચ્છયાત્રા
૧૯. દાન કે કર્તવ્ય ?
૨૦. મારી દ્રષ્ટિએ સમાજવાદ
૨૧. ઉત્તરાધ્યયનસૂત્રનું નવનીત
૨૨. લોકલક્ષી લોકશાહી
૨૩. શ્રદ્ધાંજલિનાં પુષ્પો
૨૪. ભૂદાન પ્રવૃત્તિમાં સહયોગ
— પ્રાર્થના–સર્વધર્મ ઉપાસના

**દર મહિને બે પુસ્તિકા પ્રગટ થાય છે.**

**શુભ પ્રસંગોએ લહાણી કરવા માટે**
**પુણ્યાત્માની સ્મૃતિમાં વહેંચવા માટે**
**મેળાવડાઓમાં ઇનામ વિતરણ માટે**
**વ્યક્તિગત ભેટ આપવા માટે**
**ઘેર ઘેર અને શાળા લાઈબ્રેરીઓમાં**
**વસાવવા યોગ્ય**

# સંતબાલ પરિચય પુસ્તિકાઓનો

બહોળો પ્રચાર કરી
સંતનું ઋણ અદા કરીએ.

**વાર્ષિક લવાજમ રૂપિયા ત્રીસ**

નોંધ : * આ નિશાનીવાળી પુસ્તિકાઓ પ્રગટ થઈ ચૂકી છે.

## જૈન ધર્મને સમજવામાં ઉપયોગી
## મુનિશ્રી સંતબાલજીની કલમે લખાયેલાં
## કેટલાંક પુસ્તકો

૧. જૈન દૃષ્ટિએ ગીતા દર્શન
૨. ઉત્તરાધ્યયન સૂત્ર
૩. આચારાંગ સૂત્ર
૪. તત્ત્વાર્થ સૂત્ર
૫. દશવૈકાલિક સૂત્ર
૬. વિશ્વવત્સલ મહાવીર
૭. સાધક સહચરી
૮. ચિત્ત ચારિત્ર વિશુદ્ધિ
૯. સમકિતની સમજણ
૧૦. સિદ્ધિનાં સોપાન

ઉપરાંત દર મહિને પ્રગટ થતી એ
સંતબાલ પરિચય પુસ્તિકા મંગાવો

જૈન ધર્મને સમજવા
મુનિશ્રી સંતબાલજીની કલ
મહા કેટલાંક પુસ્ત મંદિર
હઠીભ બહાર,
અ ૦૦૪
જૈન દૃષ્ટિએ

ટાઈટલ : કૃણાલ પ્રિન્ટર્સ * દિલ્હી ચકલા, અમદાવાદ.